અગ્રતા નં. ૧૫૭

ક્રમાંક/ઘ/માધ્ય./મા-૧/૨૦૧૭/૧૧૬૯૫-૧૧૭૬૪

કમિશનરશ્રી,શાળાઓની કચેરી,
બ્લોકનં. ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન ,
ગુ.રા.ગાંધીનગર
તા.૧૭/૭ /૨૦૧૭

સંદર્ભ લીધા:- શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક/બમશ/૧૦૧૬/૧૨૮૦/ગ/તા.૧૦/૦૪/૨૦૧૭

વિષય:- રાજ્યના બિનઆદિજાતિ વિસ્તાર, આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભુત યોજના હેઠળના વિસ્તારની ધોરણ ૯ થી ૧૨ની નિભાવ અનુદાન અને ફી વિલ્પવાળી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિધાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણપૂરૂ પાડવા બાબત.

પ્રસ્તાવના:-

સંદર્ભલીધા આમુખમાં દર્શાવેલ સમગ્ર દેશમાં બેટી બચાવો-બેટી પઢાવો ઝુંબેશ અંતર્ગત કન્યાઓને સક્ષમ બનાવવા પ્રયત્નો થઈ રહ્યાં છે. આ બાબતે ગુજરાતે હમેશાં દેશને નેતૃત્વ પૂરૂ પાડેલછે. આ ઝુંબેશના ભાગ રૂપે રાજ્ય સરકારે હવે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી)થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ મળી રહે તે માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ બાબત સરકારશ્રીના વિચારણામાં હેઠળ હતી.

ઠરાવ:-

રાજ્યના બિનઆદિજાતિ વિસ્તાર, આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભુત યોજના હેઠળના વિસ્તારની ધોરણ ૯ થી ૧૨ની નિભાવ અનુદાન અને ફી વિલ્પવાળી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિધાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણપૂરૂ પાડવા બાબતે રાજ્ય સરકાર દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૭ ઠરાવથી આ યોજના અમલમાં મૂકેલ છે જેમાં નીચે જણાવ્યા મુજબ સૂચનાઓ કરેલ છે.

(૧) આ યોજના જૂન ૨૦૧૭થી શરૂ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

(૨) આ યોજનાનો લાભ રાજ્ય સરકારે હવે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને મળશે.

(૩) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી)થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કોઈપણ વિધાર્થીઓની પાસેથી કોઈપણ પ્રકારની ફી લઈ શકશે નહી.

(૪) સંબધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ઉક્ત શાળામાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યા પ્રથમ શૈક્ષણિક સત્ર માટે તા. ૩૧ ઓકટોબરની સ્થિતિએ મેળવી તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં મેળવી નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને અવશ્ય મોકલવાની રહેશે અને સંખ્યાના આધારે પ્રથમ અને બીજા સત્રના અંતે ફીની ગણતરી કરી શાળાને ફીની રકમ ભરપાઈ(reimburse) કરી આપવામાં આવશે.

જોકે બીજા સત્રના અંતે ચૂકવણી કરતા સમયે કન્યાઓની દરેક માસની સરેરાશ સંખ્યાને ધ્યાને લઈને ચુકવણી કરવાની રહેશે. આ બાબતે જો પ્રથમ સત્રમાં માસવાર સરેરાશ કરતા વધારે કે ઓછી રકમની ચૂકવણી થઈ હશેતો બીજા સત્રના અંતે આ વિભાગ મારફત ફી તફાવતની રકમની ભરપાઈ કરવાની રહેશે

(૫) માત્ર નિભાવ ગ્રાન્ટ લેતી શાળાઓને કન્યાઓની ફીની રકમ સરભર કરી ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવશે. જ્યારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાન્ટ સ્વરૂપે ભરપાઈ (reimburse) કરી આપવામાં આવશે.

(૬) ફીની રકમ સરભર કરવા કે ફીની રકમ ભરપાઈ (reimburse) કરી આપવા સિવાય અન્ય કોઈ હેતુસર આ જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ રકમનો ખર્ચ કરી શકાશે નહી.

(૭) રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી)થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે વિધાર્થી દીઠ જે ફી નક્કી કરે તે પ્રવર્તમાન દરની મર્યાદામાં જ કન્યાઓની ફી જ સંસ્થાઓને મજરે આપવાની રહેશે.

તેમ છતાં કોઈ સંસ્થા સરકાર ધ્વારા નિયત થયેલા દર કરતાં કન્યા માટે ઓછી ફી વસૂલતી હોયતો ખરેખર વસૂલવામાં આવતી ફી મુજબ મજરે આપવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ ૨૦૧૭–૧૮ના અંદાજપત્રમાં થયેલી જોગવાઈની મર્યાદામાં અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રર્વતમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પૂરતી અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) પ્રર્વતમાન યોજનાના ધોરણો અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોયતો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૬) આ યોજના અન્વયે શાળા કક્ષાએ કોઈ ફરીયાદ કે રજુઆત હોયતો પ્રથમ સંબધિત જિલ્લા શિક્ષણાધિકારી અને ત્યાર બાદ જરૂર જણાયે નિયામકશ્રી, શાળાની કચેરી, ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૭) હવે પછી રજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્યાઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી કોઈપણ સ્વરૂપે લેવાના સંજાગોમાં તે શાળાની ગ્રાન્ટ કાપથી લઈ શાળાની નોંધણી રદ કરવા/શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવા સુધીના પગલાં લેવામાં આવશે. આ અંગે બેદરકારી દાખવનાર સંબધિત જિલ્લાના શિક્ષણ અધિકારી સામે પણ ખાતાકીય રાહે પગલાં લોમાં આવશે.

આમ ઉપરોકત વિગતો ધ્યાને લઈ રાજ્યના બિનઆદિજાતિ વિસ્તાર, આદિજાતિ વિસ્તાર અને ખાસ અંગભુત યોજના હેઠળના વિસ્તારની ધોરણ ૯ થી ૧૨ની નિભાવ અનુદાન અને ફી વિલ્પવાળી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિધાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણપૂરૂ પાડવા બાબતે રાજ્ય સરકાર ધ્વારા તા.૧૦/૦૪/૨૦૧૭ ઠરાવથી કરેલ નિર્ણય અંગે જરૂરી નિયમાનુસાર ઘટીત કાર્યવાહી કરવા તેમજ અમલવારી માટે મોકલી આપવામાં આવે છે તથા આ નિર્ણયની જાણ આપના જિલ્લાની તાબા હેઠળની તમામ શાળાઓને આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. એ.કે. રાઠોડ)
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

પત્રાંક નં. ૧૫૭
ઉપરોકત પરિપત્ર આણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણ અધિકારી
અમરેલી, જિ.અમરેલી.

પ્રતિ,
આ જિલ્લાના તમામ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક ઉ.મા. શાળાઓ તરફ